# આધ્યાત્મિક શિક્ષણ

ડૉ.નિષાદ ઓઝા
સિનિ.લેકચરર,
ડાયટ,ઈડર

કલકત્તાના સ્ટાર થિયેટરમાં ઈ.સ.૧૮૯૮ના માર્ચની ૧૧ મી તારીખે ભરાયેલી એક સભામાં ભગિની નિવેદિતાએ (મીસ એમ.ઈ.નોબલ) 'ભારતના આધ્યાત્મિક વિચારોનો ઈંગ્લેન્ડ પર પ્રભાવ' એ વિષય પર વ્યાખ્યાન. આપેલું આ સભામાં પ્રમુખ સ્થાનેથી સ્વામી વિવેકાનંદે જે વક્તવ્ય આપ્યું તેમાં તેઓશ્રીએ જણાવેલું કે, ''જગત ભારતની આધ્યાત્મિકતાનું કેટલું ઋણી છે, અને ભારતની આધ્યાત્મિક શકિતઓ માનવજાતિના ભૂતકાળ તેમજ વર્તમાનકાળમાં કેવું સબળ સાથી બની રહી છે તે તો હવે સૌ કોઈ જાણે છે. પરંતુ આપણી કમનસીબી એ છે કે આપણે આપણું જે શ્રેષ્ઠ છે તેને દબાવી રાખવાની વૃત્તિ ધરાવીએ છીએ. આપણી વાતો બહાર વ્યકત કરવાની શકિતનો આપણામાં એટલો બધો અભાવ છે કે અપણે મૃત પ્રજા ગણાઈએ છીએ. બહાર વ્યકત કર્યા વિના આપણે કેવી રીતે જીવી શકીએ ? પ્રાશ્ચાત્ય સંસ્કૃતિની કરોડરજ્જુ છે–વિકાસ અને અભિવ્યકિત. પશ્ચિમ પાસેથી આપણે તેના કળા અને વિજ્ઞાનો શીખવાનાં છે,તેની પાસેથી આપણે ભૌતિક વિજ્ઞાનો શીખવાનાં છે. જયારે બીજી બાજુએ પશ્ચિમે આવીને આપણી પાસેથી ધર્મ અને આધ્યાત્મિક જ્ઞાન શીખીને પચાવવાનાં છે. આપણે એમ માનવું જોઈએ કે આપણે જગતના ગુરુ છીએ.''

...પણ આપણી કમનસીબી એ છે કે આપણો ગુરુ બિચ્ચારો છે.એને આજુબાજુ શું ઘટનાઓ ઘટે છે એની લેશ માત્ર પરવા નથી. માત્ર ભૌતિકતાનું દાસત્વ સ્વીકારીને ચાલવાનું અને ફાવી ગયું છે. ખુમારીએ દેશવટો લીધો છે. અને ખોંખારો (જ્ઞાનનો) ખાવાની એનામાં ત્રેવડ નથી. વર્ગખંડમાં જાય ત્યારે વકાસલું મો લઈને અને ભણાવે ત્યારે ભરબપોરે વર્ષાઋતુની કવિતા. સૌંદર્યમુલક દષ્ટિનો સદંતર જાણે હ્રાસ. પરિણામ, માત્ર અને માત્ર પાઠયક્રમ મુજબનું પુસ્તકિયા જ્ઞાન પીરસાય અને શિક્ષક હાશ સાથે વર્ષ પુરું થયાનો આનંદ માણે. પરિસ્થિતિની માંગ કંઈક જુદી છે .હવે માત્ર પુસ્તકના જ્ઞાનથી પરવડે તેમ નથી અન્ય મૂલ્યોનું શિક્ષણ પણ એટલું જ આવશ્યક બન્યું છે.વિશ્વ આખું ભારતના અધ્યાત્મ તરફ વળતું જાય છે. ત્યારે નવી પેઢીનું દાયિત્વ લેનાર આધુનિક શિક્ષકે અને અલબત્ત શિક્ષણકારોએ અભ્યાસક્રમમાં આધ્યાત્મિક બાબતો તરફનો ઝોક વધારવો પડશે. એના વિના ચાલશે નહિં અને સ્વામીજીના શબ્દોમાં કહીએ તો , ''આપણે સદા યાદ રાખવાનું છે કે આપણો મેરુદંડ છે આધ્યાત્મિકતા. આ જ બાબત એ વાતનો નિર્દેશ કરે છે કે શિક્ષણમાં અધ્યાત્મનું કેટલું મહત્વ છે. રોજીરોટીનું ધ્યેય એ બરાબર છે, પણ શિક્ષણમાં અધ્યાત્મલક્ષી વિષયોની અનિવાર્યતાને હવે અવગણી શકાય તેમ નથી.''

કદાચ ક.મા. મુનશીએ પણ એક સમારંભમાં એટલે જ કહેલું કે, ''વિદ્યાર્થીઓને રચનાત્મક શકિતઓથી સજ્જ કરવા એ શાળા–મહાશાળાઓનો મુખ્ય હેતુ હોવો જોઈએ. રચનાત્મક શકિતની પ્રાપ્તિ માટે ઈમાનદાર,સત્યનિષ્ઠ અને નિષ્પક્ષ હોવું જરૂરી છે. આ ગુણોના વિકાસ માટે એ જરૂરી છે કે આપણે વિદ્વાનો અને સજ્જનોનો

સંપર્ક રાખીએ, મહત્વપૂર્ણ ઘટનાઓ પર વિચાર કરીએ અને ઈતિહાસ,દર્શનશાસ્ત્રો તેમજ ધર્મશાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરીએ. આ માત્ર વિદ્યાર્થીઓને જ નહિ પરંતુ, શિક્ષક ઉપરાંત બધા જ માણસોને લાગુ પડે છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે અને આપણે અનુશાસિત અને જવાબદાર બનીશું.''

એમણે ભારપૂર્વક કહેલું કે, '' નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો એ આપણા જીવનનાં મૂળ તત્વો છે. આથી દરેક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણને સ્થાન આપવું આવશ્યક છે. અન્યથા એના વિના ભવિષ્યમાં આવનારી સમસ્યાઓને ઉકલવામાં આપણે અસમર્થ રહીશું, પરંતુ કમનસીબે આજે મોટાભાગના મહાવિદ્યાલયો આ મૂલ્યોના શિક્ષણ માટે ઉદાસીનતા સેવે છે જે ખુબ જ દુઃખદાયી પરિસ્થિતિ છે. આપણે સ્પષ્ટ રીતે એ સમજી લેવું જોઈએ કે આ મૂલ્યો અપનાવ્યા વિના આપણે સફળતા પ્રાપ્ત નહિ કરી શકીએ અને આપણું કાર્ય વાસ્તવિક અને ચિરસ્થાયી કયારેય નહિ બની શકે.''

મને લાગે છે કે સ્વામીજીએ અને મુનશીજીએ કહેલી આ વાતો આજે પણ એટલી જ પ્રસ્તુત છે. અધ્યાત્મ પ્રત્યે આંખ આડા કાન કરવાની વૃત્તિ આપણને કયાં લઈ જશે તેનો અંદાજ કરવો ઘણો મુશ્કેલ છે પણ એ પરિસ્થિતિ બિહામણી હશે એ ચોકકસ છે. આપણે જાતીય શિક્ષણના નગારાં વગાડીએ છીએ અને જોરશોરથી વગાડીએ છીએ. અલબત્ત એ જરૂરી છે.... પણ અધ્યાત્મનો શંખનાદ પણ ચોકકસ ફૂંકાવો જોઈએ. પાનના ગલ્લાઓ પર,બસ સ્ટેન્ડના બાંકડાઓ પર, પાર્કિંગના વાહનો પર અને હવે મોબાઈલની દુનિયાને પોતાનું સર્વસ્વ માનીને ચાલનારું માનસ....આ બધામાં વેડફાઈ જતું આપણું યુવાધન... કદાચ અધ્યાત્મ શિક્ષણના અભાવનું જ પરિણામ છે.

તમાકુ અને ચૂના વચ્ચે હથેળીમાં મસળાઈ જતી આપણી સંસ્કૃતિ,સિગારેટના કસમાં પીવાઈ જતી આપણી ધાર્મિકતા, દારૂના પેગમાં વલોવાઈ જતી આપણી ઈન્સાનિયત,મોબાઈલના સેવનમાં બધિર બની જતું આપણું માનસ.. અને આવું તો મનને ચોંકાવી દેનારુ કેટલુંય...??આ બધું જ શિક્ષણમાં આધ્યાત્મિક જ્ઞાનની કમીને કારણે અને એને કારણે જ શિક્ષણનું અધ્યાત્મ પણ નંદવાયું. નિષ્ઠાપૂર્વક મહેનત કરવી, જ્ઞાનની ચોરી ન કરવી,સાથે બેસીને એકબીજાના જ્ઞાનની આપ–લે કરવી, મુકત મને શૈક્ષણિક સમસ્યાઓની સાથે બેસીને ચર્ચા કરવી, પરીક્ષામાં આવડે એટલું જ લખવું.. વગેરે શિક્ષણના અધ્યાત્મના અંગો છે, પરિબળો છે.

આધ્યાત્મિક શિક્ષણમાં પરાકાષ્ઠાનું સ્થાન ધરાવતા ભારતની શિક્ષણ પ્રણાલીને આ પરિબળોનો અભાવ ન જ પોસાય. તો આવો, આપણે સૌ સાથે મળીને આ યજ્ઞનો આરંભ કરીએ. અધ્યાત્મની આંગળી પકડીને ખુદને વિકસીત કરીએ અને આવનારી પેઢીને અતિવિકસિત. જો આપણને અને આપણી આવનારી પેઢીને અધ્યાત્મનું શિક્ષણ સિદ્ધ થશે તો શિક્ષણનું અધ્યાત્મ આપોઆપ જળવાશે અને પરિણામ –શિક્ષણ,શિક્ષક અને શિષ્યનું પરમ કલ્યાણ.